# કૉલેરા

- હિંગ, કપૂર, અને આંબાની ગોટલી સરખે ભાગે લઇ ફુદીનાના રસમાં ઘૂંટી ચણા જેવડી ગોળીઓ બનાવી લેવાથી કૉલેરા મટે છે.



- કાંદાના રસમાં ચપટી હિંગ મેળવીને અર્ધા કલાકે લેવાથી કૉલેરા મટે છે.
- પાણીમાં લવિંગ નાખી ઉકાળીને તે પાણી પીવાથી કૉલેરામાં થતી તરસ મટે છે.
- જાયફળનો ઉકાળો પીવાથી કૉલેરામાં થતી તરસ મટે છે.
- કાંદામાં કપૂર ખાવાથી કૉલેરા મટે છે.
- કૉલેરા થયો હોય તો ઘાસલેટને ગરમ કરી પેટ તથા પીઠ પર ઘસવાથી ફાયદો થાય છે.
- લવિંગના તેલના બે ત્રણ ટીપાં ખાંડ કે પતાસામાં લેવાથી કૉલેરા મટે છે.
- લીંબુનો અને કાંદાનો રસ મેળવીને પીવાથી કૉલેરા મટે છે.
- ફુદીનાનો રસ પીવાથી કૉલેરા મટે છે.
- જાયફળનું એક તોલો ચૂર્ણ ગોળમાં મેળવી નાની નાની ગોળીઓ કરી , તેમાંથી એક એક ગોળી અર્ધા અર્ધા કલાકે લેવાથી અને ઉપર થોડું ગરમ પાણી પીવાથી કૉલેરા મટે છે.
- હિંગ તો- 1, અફીણ તો- 1, મરી તો- 2, ફુદીનાના રસમાં વાટી ગોળી કરી લેવાથી કૉલેરા મટે છે.
- કૉલેરાના રોગચાળામાં લીમડાના પાન , કપૂર, હિંગ વાટી ગોળ સાથે રોજ રાત્રે લેવા.મરકી વખતે પણ લેવા.
- લીંબુ, નિમક, સાકર, ને આદુનો રસ નાખેલું શરબત વારે વારે આપવું.
- લીંબુ શરબતમાં વરીયાળી પણ નાખી શકાય.
- આહાર બંધ કરવો.
- ફળોમાં મોસંબી, સંતરા, દાડમ આપવા. ગ્લુકોઝ આપવો.
- દહીં, છાશ જીરું અને સૂંઠ નાખી આપવા.
- હિંગ કપૂર વટી આપવી.
- તાત્કાલિક દવાખાને લઇ જઈ દાખલ કરી સારવાર આપવી.